# *મહેનત કરવાથી સપના જરૂર સાકાર થાય*

## સફળ ઉધોગકાર શ્રી આદિત્ય ભાવસાર અને રાજ ખત્રી ની સફળગાથા




હું આદિત્ય ભાવસાર અને મારો ભાગીદાર રાજ ખત્રી એકબીજા ના નાનપણ થી ભાઈબંધ છીએ. અમે શિવાય હર્બલ પ્રોડકટસ નામનું આયુર્વેદિક પ્રોડકટ નો ઉધોગ ભાગીદારીમાં છેલ્લા ૦૧ વર્ષ થી કરીએ છીએ. હાલમાં માર્કેટ માં હર્બલ પ્રોડકટ ની ડિમાન્ડ વધારે છે. કેમકે તેનાથી હેલ્થ ને કોઈ નુકશાની થતી નથી. આ બાબત ને ધ્યાનમાં રાખી અમે પણ આયુર્વેદિક પ્રોડકટ ‘પેઈન હીલ રોલ-ઓન’ થી અમારા બિઝનેશ ની શરૂઆત કરી, જે મારા પિતા ની બનાવટ હતી. મારા પિતા તેમજ દાદા આયુર્વેદિક ડૉકટર હતા. તેથી અમને આયુર્વેદિક બનાવટમાં જાણકારી હતી એ સાથે સાથે અમને એમના તરફથી ખુબજ પ્રોત્સાહન મળતો રહેતો. અમે અમારી બીજી પ્રોડકટસ ‘ફાઈટર મોસ્કીટો સ્પ્રે’ અને ‘ઔષધિ હેર ઓઈલ’ બનાવીને વડોદરા અને વડોદરા ના આજુબાજુના રૂરલ એરિયામાં વેચાણ કરવાનું શરૂ કર્યુ.




‘ફાઈટર મોસ્કીટો સ્પ્રે’ એક હર્બલ પ્રોડકટસ છે. જેનાથી બાળકો ને કોઈ પણ પ્રકારનુ નુકસાન થતુ નથી.









અમે વિવિધ પ્રકારના હેર ઓઈલ, નાળિયેર, તલ, તુલસી, સૂર્યમુખી, આમળા, ભૃંગરાજ, તુલસી જેવા આયૂર્વેદિક ઔષધિ ભેળવી ને બનાવેલ છે. અમને માર્કેટ માં આયુર્વેદિક પ્રોડકટ નો હાલમાં ખૂબ સારો રીસ્પોન્સ મળી રહ્યો છે. હુ અને મારો પાર્ટનર અમે બંને જાતે જ માર્કેટીંગ, પેકીંગ, પ્રોડકશન કરીયે છીએ. અમને દિવસે-દિવસે સફળતા મળે છે. આગળ જતા અમારા બિઝનેશ માં વધારો થશે તેવું અમને વિશ્વાસ છે.




આ માટે અમે સી.ઈ.ડી. સંસ્થા દ્વારા મળેલ માર્ગદર્શન માટે અમે ખૂબ-ખૂબ આભારી છીએ. અમારી પ્રોડકટ માં અમે કોઈ પણ જાતની મશીનરી નો વપરાશ કર્યો નથી. ઘણી બધી મેડિકલ સ્ટોર, કોસ્ટમેટીક સ્ટોર, પ્રોવિઝન સ્ટોર પર પણ અમે અમારી પ્રોડકટસ સપ્લાઈ કરી રહ્યા છીએ. આ સાથે અમે ઓનલાઈન એમેઝોન નામની પ્રખ્યાત વેબસાઈટ પર પણ અમે સેલર તરીકે જોડાયેલા છીએ.



અમે અમારા ઉધોગ માટે મુદ્રા લોન રૂ. ૨,૦૬,૦૦૦ ની ૨૦૧૮ માં લીધેલ છે. લોન થી અમોએ Raw તેમજ Packaging Material લીધેલ છે, Indian Oversease Bank, Vadodara માંથી મુદ્રા લોન દ્વારા કિશોર સ્કિમ નો બેનિફીટ લીધેલ છે,




સફળ તાલીમાર્થી તરીકે સી.ઈ.ડી. ટ્રેનીંગ નું ખૂબ ખૂબ મહત્વ છે. મે સી.ઈ.ડી.ની ઉદ્યોગ સાહસિકતા તાલીમ નો વર્ષ ૨૦૧૮ માં ભાગ લીધેલ અને સફળતા પૂર્વક પૂર્ણ પણ કરેલ મને સી.ઈ.ડી. વડોદરા કચેરીના અધિકારી તેમજ સ્ટાફનું સતત વહીવટી માર્ગદર્શન દ્વારા લોન અંગે ઉધોગને લગતી જાણકારી મળતી રહેતી હતી. એક સફળ ઉધોગકાર બનવા સી.ઈ.ડી. વડોદરા કચેરી નો ખુબ જ સાથ અને સહકાર મળેલ છે. સી.ઇ.ડી ધ્વારા નવા ઉધોગસાહસિકો સફળ થાય અને પોતાનું યુનિટ શરૂ કરે અને સફળ ઉધોગસાહસિક થાય તેવી મારી શુભકામનાઓ.